# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને રંગોત્સવ પર્વ હોળીની શુભેચ્છા પાઠવી.

2) ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ રાયસીના ડાયલોગ 2026માં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા નવી દિલ્હી પહોંચ્યા.

3) ઇઝરાયેલના તેહરાન પર શ્રેણીબદ્ધ હુમલાઓ.

4) ઈરાન પરમાણુ બોમ્બ બનાવી રહ્યું હોવાના કોઈ પુરાવા નહી.

5) પશ્ચિમ એશિયામાં સંઘર્ષના પગલે વૈશ્વિક બજારો તળિયે.

6) ટી-20 વિશ્વકપ ક્રિકેટની પહેલી સેમિફાઇનલમાં આજે ન્યુઝિલેંડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PREZ.VP PM – HOLI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ,ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને રંગોત્સવ પર્વ હોળીની શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું, હોળી એ આનંદ અને ઉજવણીનો તહેવાર છે જે સામાજિક સંવાદિતાનો સંદેશ આપે છે. તેમણે કહ્યું કે આ તહેવાર સમાજમાં પ્રેમ અને આશા ફેલાવે છે અને સામાજિક એકતાની ભાવનાને મજબૂત બનાવે છે. તેમણે હોળીને વિવિધતામાં એકતાનું પ્રતીક ગણાવ્યું.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, આ તહેવાર અનિષ્ટ પર સારાના વિજયની ઉજવણી અને વસંતના આગમનને દર્શાવે છે.જે નવીકરણ, આશા અને ભારતની સભ્યતાની જીવંત ભાવનાનું પ્રતીક છે. ઉપરાષ્ટ્રપતિએ હોળીના રંગો દરેક હૃદયને ખુશી અને નવી ઉર્જાથી ભરી દે તેવી શુભેચ્છા પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હોળીના પર્વ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવતા સોશિયલ મીડિયાના માધ્યમથી આશા વ્યક્ત કરી કે આ જીવંત તહેવાર દેશભરના લોકોમાં એકતા અને સંવાદિતાના બંધનને મજબૂત બનાવશે. તેમણે દરેકનું જીવન ખુશી, સમૃદ્ધિ અને સફળતાના રંગોથી ભરેલું રહે તેવી શુભેચ્છા પાઠવી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ નાગરિકોને હોળીની  શુભેચ્છાઓ પાઠવી.

# FINLAND PRESIDENT VISIT

ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ આજે ભારતની મુલાકાતે નવી દિલ્હી આવ્યા. વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે તેમનું સ્વાગત કર્યું. શ્રી સ્ટબ રાયસીના ડાયલોગ 2026માં મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા છે.

શ્રી સ્ટબે તેમના દિલ્લી આગમન અંગે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેમની મુલાકાત ફિનલેન્ડ અને ભારત વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે, જેમાં વેપાર ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે.

ભારતમાં તેમનું સ્વાગત કરતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમની મુલાકાત ભારત-ફિનલેન્ડ સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે.

# ISRAEL ATTACKS IRAN

ઇઝરાયલે તેહરાનમાં બાસીજ અને આંતરિક સુરક્ષા કમાન્ડ સેન્ટરો પર હુમલા કર્યા છે. ઇઝરાયલના સંરક્ષણ દળોએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે લક્ષિત કમાન્ડ સેન્ટરોનો ઉપયોગ ઇરાની સરકાર દ્વારા સમગ્ર ઇરાનમાં નિયંત્રણ જાળવવા માટે કરાઇ રહ્યો હતો.

દળોએ સરકારી મિસાઇલ લોન્ચર્સ અને અન્ય સિસ્ટમો પર પણ હુમલો કર્યો હતો. ઇઝરાયલી વાયુસેનાએ કહ્યું હતું કે તે ઇરાનની હવાઈ ક્ષમતાઓ પર હુમલો કરવાનું ચાલુ રાખશે. આ ઉપરાંત, ઇઝરાયલી વાયુસેનાએ બેરૂતમાં હિઝબુલ્લાહ માળખા પર ફરીથી હુમલો કરવાનું શરૂ કર્યું છે.

# US COMMANDER - EPIC FURY

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર, એડમિરલ બ્રેડ કૂપરે કહ્યું કે ઈરાનની વળતો પ્રહાર કરવાની ક્ષમતા ઝડપથી ઘટી રહી છે. ઓપરેશન એપિક ફ્યુરી અંગે માહિતી આપતા તેમણે કહ્યું કે અમેરિકાએ 2 હજારથી વધુ યુદ્ધ સામગ્રી સાથે લગભગ 2 હજાર લક્ષ્ય પર હુમલો કર્યો છે અને ઈરાનની હવાઈ સંરક્ષણ પ્રણાલી ગંભીર રીતે નબળી પડી છે.  તેમણે ઈરાનની સેંકડો બેલિસ્ટિક મિસાઇલો, લોન્ચર અને ડ્રોન પણ નાશ પામ્યા હોવાનું જણાવ્યું હતું.

# IAEA DG - IRAN NUCLEAR

ઈરાન પરમાણુ બોમ્બ બનાવી રહ્યું હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. આંતરરાષ્ટ્રીય એટોમિક એનર્જી એસોસિએશન IAEAના વડા જનરલ રાફેલ મારિયાનો ગ્રોસીએ  સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ઈરાન પાસે યુરેનિયમનો મોટો ભંડાર અને નિરીક્ષકોને સંપૂર્ણ ઍક્સેસ આપવાનો ઇનકાર ગંભીર ચિંતાનું કારણ છે.

તેમણે વધુમાં કહ્યું કે તેઓ ઈરાનના પરમાણુ કાર્યક્રમ પરના તેમના અહેવાલોમાં ખૂબ જ સ્પષ્ટ અને સુસંગત રહ્યા છે. તેમણે કહ્યું કે તેમના અગાઉના અહેવાલો સૂચવે છે કે જ્યાં સુધી ઈરાન બાકી સલામતી મુદ્દાઓને ઉકેલવામાં IAEA ને મદદ નહીં કરે, ત્યાં સુધી એજન્સી ખાતરી આપી શકશે નહીં કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ ફક્ત શાંતિપૂર્ણ છે.

# MACRON - AIRCRAFT CARRIER

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને મધ્ય પૂર્વમાં યુદ્ધ દરમિયાન સાથી દેશોની સંપત્તિનું રક્ષણ કરવા માટે ફ્રાન્સના પરમાણુ સંચાલિત વિમાનવાહક જહાજને બાલ્ટિક સમુદ્રથી ભૂમધ્ય સમુદ્રમાં ખસેડવાનો આદેશ આપ્યો છે. મેક્રોને કહ્યું કે ચાર્લ્સ ડી ગૌલ કેરિયરને ફ્રિગેટ્સ અને તેની હવાઈ પાંખ દ્વારા એસ્કોર્ટ કરવામાં આવશે. ફ્રેન્ચ ટીવી પર પૂર્વ-રેકોર્ડ કરેલા ભાષણમાં, મેક્રોને ઉમેર્યું કે મધ્ય પૂર્વમાં છેલ્લા કેટલાક કલાકોમાં રાફેલ ફાઇટર જેટ, હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને હવાઈ રડાર સિસ્ટમ્સ તૈનાત કરવામાં આવી છે.

ફ્રાન્સ, યુકે અને જર્મનીએ અગાઉ કહ્યું હતું કે તેઓ ગયા અઠવાડિયાના અંતમાં શરૂ થયેલા અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન પરના હુમલામાં સામેલ નથી, પરંતુ તેઓ મિસાઇલો અને ડ્રોન ફાયર કરવાની ઈરાનની ક્ષમતાને નષ્ટ કરવા માટે રક્ષણાત્મક પગલાં લેવા માટે તૈયાર હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AFGHAN TALIBAN COMMANDER KILLED

પાકિસ્તાની સેનાએ  ઉત્તરપશ્ચિમ પાકિસ્તાનમાં તોરખામ સરહદ નજીક કરેલી કાર્યવાહીમાં  અફઘાન તાલિબાનના એક કમાન્ડરનું મોત થયું હોવાના અહેવાલ છે. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, તહરીક-એ-તાલિબાન અફઘાનિસ્તાનના કમાન્ડરની ઓળખ કાહરમાન તરીકે થઈ છે.  તેના સાથીદારો ગઈ મોડી રાત્રે થયેલી કાર્યવાહીમાં  માર્યા ગયા હતા.

તોરખામ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંત અને અફઘાનિસ્તાનના નંગરહાર પ્રાંત વચ્ચેની  એક મુખ્ય સરહદ ક્રોસિંગ છે.

# STOCKS-1200

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ પાંચમા દિવસે પ્રવેશતા, બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો.

છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ ૧૫૦૦ પોઈન્ટ ઘટીને ૭૮ હજાર ૭૪૦ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૫૦૨ પોઈન્ટ ઘટીને ૨૪ હજાર ૩૬૩ પર બંધ રહ્યો હતો. તમામ સ્ક્રિપ લાલા નિશાન પર ટ્રેડ કરી રહી હતી.

# US MARKETS

પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષને કારણે ઊર્જાના ભાવમાં વધારો થતાં અને રોકાણકારોમાં ફુગાવા અંગે ચિંતા વધતાં ગઇકાલે વૉલ સ્ટ્રીટમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. મુખ્ય સૂચકાંકોમાં, નાસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સ લગભગ એક ટકા ઘટ્યો હતો, S&P-500 0.9 ટકાથી વધુ ઘટ્યો હતો અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ 0.8 ટકાથી વધુ ઘટ્યો હતો.

# KULLU ECO TOURISM

હિમાચલ પ્રદેશના કુલ્લુમાં ઇકો-ટૂરિઝમ પહેલ હેઠળ વણશોધાયેલા પર્યટન સ્થળોનો વિકાસ કરાઇ રહ્યો છે. કુલ્લુ સર્કલના વન વિભાગે 16થી વધુ ઇકો-ટૂરિઝમ સ્થળો શોધ્યા છે. જેમાંથી પાંચ ઇકો-ટૂરિઝમ સ્થળો ખુલ્લી હરાજી દ્વારા ફાળવવામાં આવ્યા છે. અહી એક હેક્ટર જંગલ જમીન પર પર્યટન સુવિધાઓ પૂરી પડાઈ રહી છે.

રાજ્ય સરકાર ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે આ ઇકો-ટૂરિઝમ સ્થળોનો વિકાસ કરી રહી છે. આ પહેલ સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો પણ ઉભી કરશે. ઇકો-ટૂરિઝમ સ્થળોની 10 વર્ષ માટે હરાજી કરવામાં આવી રહી છે, જેને વધુ પાંચ વર્ષ સુધી લંબાવી શકાશે.

# CBSE EXAMS - WEST ASIA

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રે 5 અને 6 માર્ચે યોજાનારી ધોરણ 10 અને ધોરણ 12 ની પરીક્ષાઓ મુલતવી રાખી છે. આ પરીક્ષાઓની સુધારેલી તારીખો પછીથી જાહેર કરવામાં આવશે.

બોર્ડે એમ પણ જણાવ્યું કે 7 માર્ચથી યોજાનારી પરીક્ષાઓ અંગે ગુરુવાર સુધીમાં પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી નિર્ણય લેવામાં આવશે.

# AMBEDKAR YATRA PUDUCHERRY

પુડુચેરી સરકારની "ડૉ. બી.આર. આંબેડકર યાત્રા યોજના" હેઠળ લાભાર્થીઓનો પહેલો જથ્થો ગઈકાલે રાત્રે કેન્દ્રશાસિત પ્રદેશથી ડૉ. બી.આર. આંબેડકરના જીવન અને વારસા સાથે સંકળાયેલા સ્થળોની મુલાકાત લેવા માટે રવાના થયો હતો.ઉપરાજ્યપાલ કે. કૈલાશનાથન દ્વારા પુડુચેરી રેલ્વે સ્ટેશન પર યાત્રાને લીલી ઝંડી આપવામાં આવી હતી.

આ પ્રસંગે બોલતા, ઉપરાજ્યપાલે લાભાર્થીઓને મુલાકાત પૂર્ણ કર્યા પછી તેમના પ્રતિભાવો શેર કરવા વિનંતી કરી જેથી યોજનાને વધુ મજબૂત અને સુધારી શકાય.મુખ્યમંત્રી એન. રંગાસ્વામી, વિધાનસભા અધ્યક્ષ આર. સેલ્વમ, ધારાસભ્ય અનિબલ કેનેડી અને આદિ દ્રવિડર અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ વિભાગના સચિવ ડૉ. મુથમ્મા પણ ધ્વજવંદન સમારોહમાં હાજર રહ્યા હતા.

પુડુચેરી સરકારનો આદિ દ્રવિડર અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ વિભાગ, જે આ યોજનાનો અમલ કરી રહ્યો છે, જેના માટે પ્રતિ લાભાર્થી 40,000 ખર્ચ કરાઇ રહ્યો છે.

# T20 WORLD CUP

ICC પુરુષ T20 વિશ્વકપમાં, આજે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે પહેલી સેમિફાઇનલ મેચમાં દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારત આવતીકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે બીજી સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડનો સામનો કરશે. આ બંને મેચના વિજેતાઓ 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે.

# SYDNEY -MEASLES ALERT

ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સ (NSW) રાજ્યના અધિકારીઓએ પશ્ચિમ સિડની માટે ઓરીની આરોગ્ય ચેતવણી જારી કરી છે. 2025માં ફેલાયલા ઓરીના કેસોની સંખ્યા વધી રહી છે. NSW આરોગ્ય વિભાગે એક ચેતવણીમાં જણાવ્યું હતું કે તેઓ પશ્ચિમ સિડનીના લોકોને ઓરીના ચિહ્નો અને લક્ષણો માટે સતર્ક રહેવાની સલાહ આપી રહ્યા છે

આ ચેતવણી 21 ફેબ્રુઆરીથી સિડની માટે જારી કરાયેલ ચોથી ઓરીની ચેતવણી હતી. આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે 2026 ની શરૂઆતથી NSW માં 23 પુષ્ટિ થયેલા કેસ નોંધાયા છે. ઓસ્ટ્રેલિયન સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલની નેશનલ નોટિફાઇબલ ડિસીઝ સર્વેલન્સ સિસ્ટમ અનુસાર, NSW માં સમગ્ર 2025 માટે 37 ઓરીના કેસ નોંધાયા છે.